



# તમને શુ બનવું ગમે ? એન્જીનીયર કે...?

## મુખ્ય સચિવ પાંડિયનના પ્રશ્નના ઉત્તરમાં બાળકોએ શિક્ષક થવાની પસંદગીમાં રસ વધુ બતાવ્યો : રાયસણ પ્રા. શાળાની ઓચીંતી મુલાકાતે પહોંચેલા પાંડિયન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ રાયસણ પ્રા. શાળાના બાળકોમાંથી મોટાભાગના બાળકો શિક્ષક બનવાનુ વધુ પસંદ કરે છે તો ૨૫ જેટલા બાળકોએ એન્જીનીયર અને ૧૫ જેટલા બાળકોએ તબીબ તો ૩ બાળકોએ વેપારી બનવાની ઈચ્છા જાહેર કરી હતી.

ગુણોત્સવના આજે અંતિમ દિવસે રાયસણ પ્રા. શાળાની ઓચીંતી મુલાકાતે ગયેલા રાજયના મુખ્ય સચિવ શ્રી ડી.જી. પાંડિયને બાળકોને તમને શું બનવું ગમે ? તેવા પ્રશ્નના ઉત્તરમાં બાળકોએ આવા મત પ્રદર્શિત કર્યા હતા.

મુખ્ય સચિવશ્રીએ બાળકોને મહાન દેશભક્તોના જીવન ચરિત્ર વિશે બોલવાનું કહેતાં બે વિદ્યાર્થીઓએ મહાત્મા ગાંધી અને પંડિત જવાહરલાલ નહેરૂના જીવનકવન પર ટુંકા પ્રવચનો કરી તેમનું મન મોહી લીધુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર



# ઈન્ફોસિટી સંકુલમાં બે કલાક અંધારપટ

## ટેકનિકલ ફોલ્ટના લીધે વીજપ્રવાહ ખોરવાયો : વેપારીઓ અને મુલાકાતીઓ મુંઝવણમાં મુકાયા

ગાંધીનગર, તા. ૨૨

શહેરના હાઈપ્રોફાઈલ ઈન્ફોસિટી વિસ્તારમાં સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ ગયો હતો. ઈલેકટ્રીકલાઈનમાં મોટો ફોલ્ટ સર્જાતા સમગ્ર સંકુલમાં લાઈટો ડૂલ થઈ ગઈ હતી. જેના પરિણામે વેપારીઓ અને મુલાકાતીઓ પણ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. આ ઉપરાંત કેટલાક સેક્ટરોમાં પણ લાઈટો ડૂલ થઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. આવા સંજોગોમાં ટોરેન્ટ પાવરના સંપર્ક નંબરો પણ સતત એંગેજ ટોનમાં હોવાથી નાગરિકોએ હાલાકી વેઠવી પડી હતી. રોશની અને લાઈટોથી ઝગમગતા ઈન્ફોસિટી સંકુલમાં કલાકો સુધી અંધારપટ છવાયેલો રહ્યો હતો.

શહેરના પ્રવેશદ્વારે સ્થિત હાઈપ્રોફાઈલ ગણાતા ઈન્ફોસિટી સંકુલમાં અનેકવિધ ધંધા-વેપાર ધમધમે છે. જ્યારે સાંજના સમયે મુલાકાતીઓની વિશેષ અવર-જવરના લીધે આ વિસ્તારમાં રોનક નિખરે છે. હોટલો અને બ્રાન્ડ શોપ્સના લીધે પણ ઈન્ફોસિટી સંકુલમાં ઢળતી સાંજથી ધમધમાટ શરૂ થઈ જાય છે. આવા સંજોગોમાં આજે સાંજે ૬.00 કલાકે અચાનક જ ઈલેક્ટ્રીક લાઈનમાં ફોલ્ટ થતા વીજપ્રવાહ ખોરવાઈ ગયો હતો. ઘણીવાર પછી પણ વીજ સપ્લાય શરૂ ન થતા અંધારપટના લીધે ઈન્ફોસિટી સંકુલમાં મુલાકાતીઓ મુંઝવણમાં મુકાયા હતા. આ વિસ્તારમાં સ્થિત હોટલો સહીત શોપીંગ બજારમાં આવેલા મુલાકાતીઓ પણ ગોથે ચઢ્યા હતા. કલાકો સુધી વીજપ્રવાહ ખોરવાયેલો રહ્યો હતો. ટોરેન્ટ પાવરના ઉચ્ચ અધિકારીઓએ ટેકનિકલ ખામી સર્જાતા લાઈટો ડૂલ થઈ હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત સે. ૩૦ સહીત કેટલાક સેક્ટરોમાં પણ લાઈટો ડૂલ થઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી.


### હાર્દિક શુભેચ્છા



**શ્રી પરસોત્તમભાઈ સોલંકી** (રા.ક.મંત્રીશ્રી પશુપાલન)

તાજેતરમાં તા. ૧૯/૧૧/૧૪ના રોજ ગુજરાત સરકાર દ્વારા મંત્રી મંડળનું વિસ્તરણ કરવામાં આવેલ છે. જેમાં **શ્રી પરસોત્તમભાઈ સોલંકી** રાજ્ય કક્ષાના પશુપાલન મંત્રી તરીકે સપથ લીધા તે બદલ ગુજરાત કોળી સમાજ કાર્યકારી પ્રમુખશ્રી કાળુભાઈ રૂપાભાઈ ડાભી, તેમજ ભવનાથ તળેટી જુનાગઢ ટ્રસ્ટના પ્રમુખશ્રી ભુપતભાઈ મોહનભાઈ ડાભી, પ્રમુખશ્રી રાજકોટ શહેર કોળી સમાજ શ્રી વિરજીભાઈ સનુરા, સૌરાષ્ટ્ર કોળી સેના પ્રવકતા શ્રી વિનોદભાઈ નાણાણી બાબુભાઈ મકવાણા (ડેડાણ), રાજાભાઈ ચારીયા-જુનાગઢ, કોળી સેના પ્રમુખશ્રી - વેરાવળ, રમેશભાઈ કેશવાલા, ભાવનગર જિલ્લા કોળી સેના પ્રમુખશ્રી, આણંદભાઈ ડીભી આર.સી. મકવાણા-મહુવા, શ્યામભાઈ મકવાણા (મહુવા), બાબુભાઈ પરમાર-ભાવનગર, ગીરીશભાઈ યાદવ-બોટાદ, ડી.ડી.ગોહિલ, નરેન્દ્રભાઈ ચાવડા, લીલાભાઈ ડાકી-પોરબંદર, પ્રભુદાસભાઈ કાંજીયા-જામનગર, જસુભાઈ સોલંકી-અમદાવાદ, રમેશભાઈ મકવાણા-બગોદરા, હીરાભાઈ પટેલ-બાવળા, ઓજસભાઈ પટેલ-વલસાડ, આર.કે. મકવાણા-સુરત, પ્રવિણભાઈ બારૈયા-સુરત તેમજ સમાજના અન્ય આગેવાનો તેમજ જિલ્લા તેમજ તાલુકા ભાજપ સંગઠનના આગેવાનો હર્ષની લાગણી અનુભવે છે.


# મેડિકલ કોલેજમાં ડિપ્લોમાં સ્કીન માટે ચાર બેઠકો મંજૂર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મેડીકલ કોલેજમાં સ્કીન ફેકલ્ટીમાં ડિપ્લોમાં અભ્યાસક્રમ માટે ચાર બેઠકો મંજૂર કરવામાં આવી છે. આ અંગેની જાણ કોલેજ સત્તાવાળાઓને પણ સત્તાવાર રીતે કરી દેવામાં આવી છે.

ડિપ્લોમાં અભ્યાસક્રમ માટે ગાંધીનગર કોલેજે ચાર વિદ્યાશાખાઓમાં મંજૂરી માગી હતી જે પૈકી ૩ વિદ્યાશાખાઓની ૧૦ બેઠકો મંજૂર થતાં કોલેજ સંચાલકોમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

આ અગાઉ ઓપ્થલમોલોજી અને ઈએનટીમાં છ બેઠકો મંજૂર થયેલી છે. જ્યારે આજે સ્કીનમાં વધુ ચાર બેઠકો મંજૂર થઈ આવી છે. ગાંધીનગર મેડીકલ કોલેજ ત્રણ જ વર્ષના ટુંકા ગાળામાં આ અભ્યાસક્રમ માટે મંજૂરી મેળવવામાં સફળતા મેળવી છે જે એક તેની આગવી શૈક્ષણિક પ્રતિષ્ઠા દર્શાવે છે.


# નેશનલ કેડેટ્સ કોર્પ્સ

## ૨૩ નવેમ્બર ૨૦૧૪

## ૬૬મો વાર્ષિકોત્સવ







### રાષ્ટ્રપતિનો સંદેશ

राष्ट्रपति
भारत गणतंत्र
PRESIDENT
REPUBLIC OF INDIA


મને એ જાણીને આનંદ થાય છે કે, નેશનલ કેડેટ્સ કોપ્સ (NCC) ૨૩ નવેમ્બર, ૨૦૧૪ના રોજ તેની ૬૬મો વાર્ષિકોત્સવ ઉજવી રહ્યા છે

(NCC) એ તેના પ્રારંભ કાળથી જ આંતરિક અને આદિજાતિ વિસ્તારો સહિતના આપણા દેશના તમામ યુવાનોના કલ્યાણ માટે મોટો ફાળો આપ્યો છે. જવાબદાર, શિસ્તબદ્ધ અને પ્રેરિત નાગરિક બનવા માટે તે યુવાનોની મદદ કરે છે, ઢાળે છે અને તાલીમ આપે છે. રાષ્ટ્રીય એકતા અને બિનસાંપ્રદાયિકતાનું (NCC) એક ઝળહળતું ઉદાહરણ છે. મને વિશ્વાસ છે કે દ્ગઝ્રઝ્ર ભવિષ્યમાં પણ એટલા જ ઉત્સાહ અને જવાબદારી માટે તેના લક્ષ્ય પ્રાપ્તિ તરફ ગતિ કરતું રહેશે.

આ પ્રસંગે, હું મારી શુભકામનાઓ અને અભિવાદન તમામ (NCC) બાંધવોને પાઠવું છું અને તેઓ તેમના તમામ પ્રયાસોમાં સફળ થાય તેવી કામના કરું છું.

સ્થળ : નવી દિલ્હી

(પ્રણવ મુખરજી)



Institutional Training



Adventure activities







Swachh Bharat Abhiyaan

### ડીજીનો સંદેશ

૧. વિશ્વના સૌથી મોટી યુવા સંસ્થા નેશનલ કેડેટ કોપ્સને તેના ૬૬માં વાર્ષિક દિને શુભકામનાઓ પાઠવતા હું અત્યંત આનંદ અનુભવી રહ્યો છું.

૨. આ દિવસ આપણને આપણા ધ્યેય, એકતા અને શિસ્તને અનુસરવાનું યાદ અપાવે છે. તેના પ્રારંભ કાળથી જ આ સંગઠને ચારિત્ર્ય નિર્માણ, શિસ્ત અને નેતૃત્તવ જેવા ગુણોનો યુવાનોમાં વિકાસ થાય તે હેતુથી સઘળી પ્રવૃત્તિઓ હાથ ધરી પોતાના માટે એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

૩. ગત વર્ષે આપણા તાલીમ કાર્યક્રમને સઘળ બનાવી ચારિત્ર્ય વિકાસ, નેતૃત્વના ગુણો, સામાજિક સેવાની પ્રવૃત્તિઓ અને સશસ્ત્ર દળોમાં જોડાવા પર ભાર મૂક્યો છે. (NCC) નેશનલ ગેમ્સ, ૨૦૧૪ એક મોટી સફળતા છે. ૨૦૧૩માં બોયઝ કેટેડની માઉન્ટ એવરેસ્ટની સફળ સાહસયાત્રા બાદ ૨૦૧૬માં ગર્લ્સ કેટેડ માઉન્ટ એવરેસ્ટની સાહસયાત્રા પર જાય તે માટે (NCC) આયોજન કરી રહ્યું છે.

૪. રાષ્ટ્રને સતત સહયોગ આપતા પીલર તરીકે (NCC) કાર્યરત રહેશે અને આ ઉચ્ચ યુવા સંસ્થાના સર્વાંગી પરિવર્તન માટે નોંધપાત્ર ફાળો આપીશ તેવી તક હું ખાતરીપૂર્ણ રીતે લઉ છું. હું તમામ કર્મચારીગણને દેશની સેવા માટે પુનઃ સમર્પિત થવા અને દેશના વિકાસ અને એકતાના પવિત્ર કાર્ય માટે સંગઠિત થઈ કાર્ય કરવા હાકલ કરું છું.

જયહિંદ

સ્થળ : નવી દિલ્હી

(A Chakravarty)
Lt Gen
Director General NCC

### અમારી સિદ્ધીઓ

**નેશનલ લેવલ શૂટીંગ ચેમ્પિયનશીપ**
માવલંકર શૂટીંગ કોમ્પીટીશન
ગોલ્ડ-૦૩, સિલ્વર-૦૪, બ્રોન્ઝ-૦૩

**પર્વતારોહણ**
મા. ભાગીરથી-II (બોયઝ) - મે-૨૦૧૪
મા. રુદુગૈરા (ગર્લ્સ) - સપ્ટે-૨૦૧૪

**પેરા બેઝીક કોર્ષ**
૮૦ કેડેટ્સ (૪૦ બોયઝ અને ૪૦ ગર્લ્સ)

**ડેઝર્ટ સફારી**
૪૦ ઓફીસર્સ, ૨૦ ભારતીય કેડેટ્સ અને ૨૨ વિદેશી કેડેટ્સ

**વૃક્ષારોપણ ઝુંબેશ**

**રક્તદાન કેમ્પ**

**ટ્રેક્સ**
૨૯ દર વર્ષે

**સ્વચ્છ ભારત અભિયાન**

**યુથ એક્સચેન્જ પ્રોગ્રામ**
૧૦ દેશો સાથે

**રાષ્ટ્રીય એકતા કેમ્પ**
૩૭ કેમ્પ દર વર્ષે યોજાય છે.

**ખાસ રાષ્ટ્રીય એકતા કેમ્પ**
કાકીનાડા, જેસલમેર, કોહિમા, શ્રીનગર, લક્ષ્યદ્વિપ અને પોર્ટ બ્લેર

**કારકિર્દી માર્ગદર્શન**
રાષ્ટ્રીયસ્તરના કેમ્પમાં યોજાય છે.

**એન.સી.સી નેશનલ ગેમ્સ-૨૦૧૪**
ન્યુ દિલ્હી ખાતે યોજાયો. ૧૭ જુદા જુદા રાજ્યોના અંદાજે ૨૦૦૦ જેટલા કેડેટ્સે આઠ વિભાગોની રમતોમાં ભાગ લીધો



Tree Plantation

### એનસીસી કેવી રીતે સહાય કરે છે

**સુરક્ષાદળની સેવાઓ**

એનસીસી 'સી' સર્ટિફેક્ટ પ્રાપ્ત માટે સુરક્ષા દળોની સેવામાં જગ્યાઓ અનામત રાખવામાં આવે છે.

(એ) આર્મી - IMA દહેગાદુન ● યુપીએસસી અને એસએસબી ઈન્ટરવ્યુ મારફતે ૨૫ જગ્યાઓ દર કોર્ષમાં ઉપલબ્ધ
- OTA ચેન્નાઈ ● શોર્ટ સર્વિસ કમિશન (નોન ટેકનીકલ) માટે ૫૦ જગ્યાઓ દરેક કોર્સમાં, યુપીએસસી એક્ઝામ નહી, માત્ર એસએસબી ઈન્ટરવ્યુ, ૨૦ ટકા જગ્યાઓ ગર્લ્સ કેડેટ્સ માટે

(બી) નેવી - છ જગ્યાઓ દર કોર્સમાં, યુપીએસસી એક્ઝામ નહી, માત્ર એસએસબી ઈન્ટરવ્યુ, વય મર્યાદા એનસીસી 'સી' સર્ટિફેક્ટ ધારકને બે વર્ષની છૂટ

(સી) આઈએએફ - ફ્લાઈંગ ટ્રેનિંગ કોર્સ સહિત બધા જ કોર્સમાં ૧૦% જગ્યાઓ છહ્લઝ્રછ્ઁજીઝ્ર એક્ઝામ નહીં, માત્ર એસએસબી ઈન્ટરવ્યુ.

અન્ય રેંક માટે : ૫ થી ૧૦% બોન્સ માર્ક્સ ભરતી માટે.

સેઈલર/એરમેન : ૨થી ૬ માર્ક્સ વધારાના ક્રેડીટ પોઈન્ટ તરીકે

**અન્ય**

(એ) પેરા મીલીટરી ફોર્સીસ- ૨ થી ૧૦ બોનસ માર્ક્સ ભરતી માટે અપાય છે.
(બી) ટેલીકમ્યુનિકેશન વિભાગ - ભરતી માટે વધારાના બોન્સ માર્ક્સ
(સી) એનસીસી ગર્લ્સ કેડેટ ઈન્સ્ટ્રક્ટર / પૂર્ણ સમયે લેડી ઓફીસર.
(ડી) રાજ્ય સરકારો - રાજ્ય સરકારની સેવાઓમાં અગ્રતા અપાય છે.
(ઈ) ખાનગી ક્ષેત્રો - ઘણા ઔધોગિક સંસ્થાનો એનસીસી 'સી' સર્ટીફિકેટ ધારકને અગ્રતા આપે છે.
(એફ) રમતગમત

www.nccindia.nic.in

davp 10110/13/0030/1415


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com